ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### બોડેલી ખાતે સેવા સંકલ્પ અભિયાનની સમીક્ષા બેઠક યોજવામાં આવી



**બોડેલી :** તાલુકા સેવા સદન બોડેલી ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ જનકલ્યાણકારી કાર્યક્રમોની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ સમીક્ષા બેઠક દરમિયાન મંત્રીએ પ્રજાભિમુખ શાસનની સંકલ્પનાને સાકાર કરતા અનેકવિધ પ્રકલ્પો અને કાર્યક્રમોની પ્રગતિની વિગતવાર સમીક્ષા કરી હતી. જેમાં 'આશીર્વાદનો દીપવડો', 'સપનાનું ભારત', 'નમો સેવા ગાથા', 'આંગણાનો ઉત્સવ', 'વાર્તા પરિવર્તનની', 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા', 'સેવા જ્યોતિ યાત્રા', 'વડનગરથી વારાણસી', 'સેવા મારું યોગદાન', 'સેવા સેતુ અભિયાન', 'રંગોળી રાષ્ટ્રની', 'રાષ્ટ્રીય ઇનોવેશન ચેલેન્જ' અને 'જનસેવા મહાકુંભ: પંચાયતથી પાર્લામેન્ટ' કાર્યક્રમોની અમલીકરણ સ્થિતિ અંગે વિસ્તૃત છાણાવટ કરવામાં આવી હતી.

### ડભોઇમાં તાલુકા કક્ષાની ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધા BRC ભવનમાં યોજાઇ



**ડભોઇ :** ડભોઇ તાલુકાના BRC ભવન ખાતે વિકસિત ભારત @2047ના સંકલ્પ અંતર્ગત ચાલી રહેલા "સેવા સંકલ્પ અભિયાન" હેઠળ તાલુકા કક્ષાની ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડભોઇ મતવિસ્તારના ધારાસભ્ય શૈલેષ મહેતાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.તાલુકાની ચિત્ર સ્પર્ધામાં આશરે 7,500 બાળકોએ જ્યારે વક્તૃત્વ સ્પર્ધામાં 780 બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ભાવેશભાઇ પટેલ, પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી વિનોદભાઇ સોલંકી, ભાજપ શહેર પ્રમુખ દીક્ષિત દવે ભાજપ શહેર મહામંત્રી હિરેન શાહ, વિજય રબારી પૂર્વ મહિલા મોરચા પ્રમુખ સોનલબેન સોલંકી, જિલ્લા પંચાયત સદસ્ય હર્ષિલ પટેલ, સુકીર્તિબેન તડવી, ભાજપ ડભોઇ કોર્પોરેટર કપિલ પટેલ સહિત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

### જબુગામની આંગણવાડી કાર્યકરે પૌષ્ટિક THRમાંથી 'મોમોસ' બનાવી જિલ્લામાં બીજું સ્થાન મેળવ્યું



**બોડેલી :** જિલ્લા પંચાયત છોટાઉદેપુર મહિલા અને બાળ વિકાસ શાખા, દ્વારા પોષણ માસ અંતર્ગત છોટાઉદેપુરના ડો. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે "મિલેટ અને THRમાંથી બનતી પોષણ વાનગી સ્પર્ધા-૨૦૨૬" યોજાઈ હતી. જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવાના અધ્યક્ષસ્થાને યોજાયેલી સ્પર્ધામાં જિલ્લાના વિવિધ તાલુકાઓના આંગણવાડી કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકો, સગર્ભા મહિલાઓ અને માતાઓમાં પોષણ અંગે જાગૃતિ વધારવા તેમજ સ્થાનિક પૌષ્ટિક સામગ્રીમાંથી સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ વાનગીઓ બનાવવાની પ્રેરણા મળે તે હેતુથી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાનગીઓનું પોષકતા, સ્વાદ, સર્જનાત્મકતા, રજૂઆત તેમજ THR અને મિલેટના યોગ્ય ઉપયોગ જેવા માપદંડોના આધારે મૂલ્યાંકન કરાયું હતું. આ સ્પર્ધામાં બોડેલી તાલુકાના જબુગામ-૨ બાલ આંગણવાડી કેન્દ્રની કાર્યકર કિન્નરી રૂપેશકુમાર પંચોલીએ THR કેટેગરીમાં ભાગ લઈ THRના ઉપયોગથી સર્જનાત્મક રીતે 'મોમોસ' વાનગી તૈયાર કરી રજૂ કરી હતી.

### MGVCL નસવાડી દ્વારા નોટિસ વગર મીટર કાપી જતાં શિક્ષણ કાર્ય ખોરવાયું

# કણાકુવા પ્રાથમિક શાળા-૯ નું વીજ કનેક્શન કપાયું, ૩૬ બાળકો ઓટલા પર ભણવા મજબૂર

**બાળકો** નોટબુકનો પંખો બનાવી ગરમીમાં ટળવળે છે



(પ્રતિનિધિ) સંખેડા, તા.26

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાની કણાકુવા પ્રાથમિક શાળા - 9 માંથી શિક્ષણ તંત્રની બેદરકારીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ શાળામાં ધોરણ 1 થી 5 માં કુલ 36 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને બે શિક્ષકો ફરજ બજાવે છે, પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી વીજળી ન હોવાના કારણે શાળાનું શિક્ષણ કાર્ય ખોરવાઈ ગયું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, શાળાનું રૂ. 47,000 જેટલું વીજ બિલ બાકી હોવાના કારણે નસવાડી MGVCL દ્વારા કોઈપણ પ્રકારની લેખિત નોટિસ કે મૌખિક જાણ કર્યા વગર જ સ્કૂલનું મીટર કાપી લઈ જવામાં આવ્યું છે. શિક્ષકોને પણ આ અંગે કોઈ જાણ કરવામાં આવી ન હતી.

વર્ગખંડમાં ગરમી, બાળકો બહાર ભણવા મજબૂર વીજ કનેક્શન કપાઈ જતા વર્ગખંડમાં પંખા બંધ થઈ ગયા છે. હાલ આકરી ગરમી પડી રહી હોવાથી ઓરડામાં બેસી શકાય તેમ ન હોવાથી શિક્ષકોએ વિદ્યાર્થીઓને બહાર ઓટલા પર બેસાડી અભ્યાસ કરાવવાની ફરજ પડી રહી છે.

વર્ગખંડમાં અસહ્ય ગરમીના કારણે બાળકો ત્રાહિમામ પોકારી ગયા છે. સ્થળ પર બાળકો ગરમીથી બચવા માટે નોટબુકનો પંખો બનાવી પંખો ખાતા દ્રશ્યોમાં જોવા મળ્યા હતા. શિક્ષકો અને વાલીઓની માંગ છે કે, બાળકોના હિતને ધ્યાનમાં રાખી તાત્કાલિક વીજ બિલ ભરપાઈ કરી સ્કૂલનું કનેક્શન ફરી જોડવામાં આવે, જેથી 36 બાળકો ફરી શાંતિથી વર્ગખંડમાં અભ્યાસ કરી શકે.

# જેતપુરપાવી બાયપાસ સર્વે સામે સ્થાનિકોનો વિરોધ, સાંસદને રજૂઆત

**ખેડૂતો,** વેપારીઓની મિલકતો અને કબ્રસ્તાનની જમીન બાયપાસમાં આવતી હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા. 26

જેતપુરપાવી ખાતે નવા બાયપાસના નિર્માણને લઈને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જોકે, પ્રસ્તાવિત બાયપાસના રૂટને લઈને સ્થાનિકો અને પાવી ગામના રહીશોમાં વિરોધ જોવા મળ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પ્રસ્તાવિત બાયપાસના રૂટમાં ખેડૂતોની જમીનો તેમજ કેટલાક વેપારીઓની મિલકતો આવતી હોવાની શક્યતા છે. ઉપરાંત મુસ્લિમ સમાજના કબ્રસ્તાનની જમીન પણ બાયપાસના પ્રસ્તાવિત રૂટમાં આવતી હોવાનો સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ મુદ્દે ગ્રામજનો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. સાંસદ જશુભાઈ રાઠવા ને આવેદનપત્ર પાઠવી બાયપાસના પ્રસ્તાવિત રૂટ અંગે પુનઃવિચારણા કરવાની માંગ કરવામાં આવી હતી. સ્થાનિકોએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, બાયપાસના કારણે ખેડૂતો, વેપારીઓ તેમજ કબ્રસ્તાનની જમીનને અસર થવાની ભીતિ છે. તેથી તમામ અસરગ્રસ્ત લોકોના હિતોને ધ્યાનમાં લઈને જ આગળની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

### ધડાકાભેર અકસ્માતથી કારના ભુક્કા બોલ્યા, હાઇવે પર વાહનોની લાંબી કતારો લાગી

# સુવાલ કોતર બ્રિજ પાસે ત્રિપલ અકસ્માત, જાનહાનિ ટળી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.26

છોટાઉદેપુરથી મધ્યપ્રદેશ તરફ જતા નેશનલ હાઈવે નંબર 56 પર એક ગંભીર અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. નેશનલ હાઈવે પર આવેલ સુવાલ કોતરના બ્રિજ પર મધ્યપ્રદેશ તરફથી આવતી ટ્રક અને છોટાઉદેપુર તરફથી જતી આઈસર ટ્રક વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો.



આ અકસ્માત એટલો ભયાનક હતો કે આઈસર અને ટ્રકની વચ્ચે એક કાર આવી જતાં કારનો કૂચડો વળી ગયો હતો અને કારના ભુક્કા બોલી ગયા હતા. ત્રિપલ અકસ્માતની આ ઘટનામાં રાહતની વાત એ રહી કે સદનસીબે કોઈ પણ પ્રકારની જાનહાની થવા પામી નથી. અકસ્માત સર્જાતા જ આસપાસના સ્થાનિક લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. ધડાકાભેર થયેલા અકસ્માતને કારણે નેશનલ હાઈવે પર વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી અને ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક પોલીસ અને રંગપુર પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે રોડ પર અથડાયેલા વાહનોને ખસેડવાની કામગીરી હાથ ધરીને વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. રંગપુર પોલીસે આ ત્રિપલ અકસ્માત સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# છોટાઉદેપુર વોર્ડ નં-૪ની ચૂંટણી લડવા રજનીબેન રાઠવા મેદાને ઉતર્યા

**મંજુલાબેન** કોલીની બેઠક ખાલી પડતાં 11 ઓક્ટોબરે પેટાચૂંટણી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 26

છોટાઉદેપુર નગર પાલિકા વોર્ડ નં 4 ની ખાલી પડેલી અનુસૂચિત આદિજાતિ બેઠક માટે તા 11-10-2026 ના રોજ ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી જાહેર કરવામાં આવી હોય જે અંગે આજરોજ વોર્ડ નં 4 ના રહેવાસી રજનીબેન જયદીપભાઈ રાઠવાએ ભારતીય જનતા પાર્ટી માંથી ઉમેદવારી પત્ર ભર્યું છે અને આ ચર્ચાસ્પદ ચૂંટણી લઢવા મેદાને ઉતર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છેકે નગર પાલિકા ના પૂર્વ પ્રમુખ અને અનુ. આદિજાતિ બેઠક પર થી ગઈ ટર્મ માં ચૂંટાયેલા મંજુલાબેન કિશનભાઇ કોલી નો જાતિનો દાખલો જિલ્લા કલેક્ટર એ રદ કરતા તેઓનું પ્રમુખપદ અને સભ્યપદ છીનવાઈ ગયુ હતુ. જે અંગેની આ વોર્ડ નં 4 ની અનુસૂચિત આદિજાતિ બેઠક ખાલી પડતા તેની ચૂંટણી તા 11 સપ્ટેમ્બર ના રોજ જાહેર થઈ છે. જે અંગેની ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થઈ છે જે અંતર્ગત આજરોજ ભાજપ માંથી રજનીબેન જયદીપભાઈ રાઠવાએ જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા, સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, પૂર્વ રેલ રાજ્ય મંત્રી નારણભાઈ રાઠવા સહિત પાલિકાના ચૂંટાયેલા સભ્યો ની ઉપસ્થિતિ માં ઉમેદવારી પત્ર ભર્યું હતું.

### બોડેલીની કાપડિયા કોલેજમાં SSIP અંતર્ગત 'From Idea to Innovation' કાર્યક્રમ યોજાયો

બોડેલી : બોડેલીની શેઠ ટી.સી. કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે SSIP (Student Startup | Innovation Policy) અંતર્ગત 'From Idea to Innovation' વિષય પર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં કોલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ, નવીન વિચારસરણી અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો હતો. મુખ્ય વક્તા તરીકે એમ.એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કાલોલના એસોસિયેટ પ્રોફેસર તથા શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના SSIP Cellના સભ્ય ડૉ. અજય એન. સોની ઉપસ્થિત રહ્યા હતા.

# અહેવાલની અસર, ટીંબાની લીકેજ ટાંકીનું સમારકામ

**બે વર્ષથી** ટાંકીમાં લીકેજની સમસ્યા, અહેવાલ બાદ તંત્ર હરકતમાં આવ્યું

(પ્રતિનિધિ) સંખેડા, તા. 26

સંખેડા તાલુકાના ટીંબા ગામે પાણી પુરવઠા વિભાગ દ્વારા બે વર્ષ પહેલા બનાવવામાં આવેલી પાણીની ટાંકીમાં ગંભીર લીકેજની સમસ્યા સામે આવી હતી. આ અંગે ગુજરાત મિત્ર પેપર માં સમાચાર પ્રસિદ્ધ થતાં જ તંત્ર હરકતમાં આવ્યું હતું.અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ તંત્રએ તાત્કાલિક નોંધ લીધી હતી અને ગઈકાલે કોન્ટ્રાક્ટર દ્વારા સ્થળ પર કામગીરી હાથ ધરવામાં આવી હતી. કેમિકલ પ્રેસરથી લીકેજ બંધ : કોન્ટ્રાક્ટરની ટીમે ટીંબા ગામે પહોંચી લીકેજ થયેલી ટાંકીને આધુનિક ટેકનોલોજીથી પ્રેશર દ્વારા કેમિકલ ઈન્જેક્શન કરી લીકેજ સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યું છે. હવે ટાંકીમાંથી પાણીનો બગાડ અટકશે અને ગામ લોકોને પૂરતા પ્રેશરથી પાણી મળી રહેશે.

# પાદરા એસ.ટી. ડેપોમાં શેરી નાટકથી સ્વચ્છતાનો સંદેશ

(પ્રતિનિધિ) પાદરા, તા. 26

"સેવા સંકલ્પ અભિયાન" અને "સ્વચ્છતા હી સેવા ૨૦૨૬" અંતર્ગત પાદરા એસ.ટી. ડેપો ખાતે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શીતલ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઓ.એન.જી.સી. (ONGC) ના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં શેરી નાટક (નુક્કડ નાટક) થકી મુસાફરો અને સ્ટાફને સ્વચ્છતા અંગે પ્રેરક સંદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ONGC વડોદરાના HR/CSR વિભાગના ચીફ મેનેજર બિન્દુ પ્રસાદ નાયર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પાદરા એસ.ટી. ડેપોના ડેપો મેનેજર, હેડ મિકેનિક, એ.ટી.આઈ., ટ્રાફિક કંટ્રોલર, ડ્રાઈવર-કંડક્ટર સહિત વહીવટી અને મિકેનિકલ સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં મુસાફરો હાજર રહ્યા હતા. નાટકના કલાકારોએ જીવંત અભિનય દ્વારા જાહેર સ્થળો, બસ સ્ટેન્ડ અને મુસાફરી દરમ્યાન સ્વચ્છતા જાળવવાનું મહત્વ સમજાવી સૌને સ્વચ્છતા અભિયાનમાં જોડાવા આહ્વાન કર્યું હતું.

# સંખેડામાં 'વિકસિત ભારત-૨૦૪૭' અંતર્ગત ચિત્ર-વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધિ) સંખેડા, તા. 26

ગુજરાત રાજ્ય સરકાર અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, છોટાઉદેપુરના માર્ગદર્શન હેઠળ "વિકસિત ભારત-2047 : સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત સંખેડા તાલુકા કક્ષાની ચિત્ર સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ, સંખેડા ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સંખેડા તાલુકાની 12થી વધુ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની સર્જનાત્મકતા, વક્તૃત્વ કૌશલ્ય અને રાષ્ટ્ર નિર્માણ પ્રત્યેની જાગૃતિનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. પ્રથમ - અર્પિતા વી. પાટણવાડિયા,દ્વિતીય - નેહા આર. બારિયા, તૃતીય - વિદા એચ. રાઠવા,પ્રથમ - સાક્ષી આર. ચૌહાણ, દ્વિતીય - અનિતા આર. બારિયા તૃતીય - રશ્મિકા એસ. વસાવા પ્રથમ - પિયુષ એલ. તડવી, દ્વિતીય - ખુશી એ. કનોજીયા , તૃતીય - મિતલ રાઠવા , પ્રથમ - કામિની કે. પરમાર, દ્વિતીય - અક્ષરા એચ. બારિયા તૃતીય - સીતા રાઠવા સ્પર્ધાના અંતે તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી પ્રમાણપત્રો અપાયા હતા.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી-શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**જુના AC**
લેવામાં આવશે. ચાલુ કે બંધ હાલતમાં Mo. 9316100413

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, હોમથીયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેક્ટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**પ્લોટ વેચવાનો છે.**
આત્મીયવિલા સોસાયટીમાં (કામરેજ) દલાલો આવકાર્ય.
9925024239

વ્યવસાયીક વેચવાનું છે

**તમામ પ્રકારના**
ઘર અને ઓફિસનું જુનુ સામાન તથા જુના 2-વ્હીલર અને 4- વ્હીલર વેચવા માટે સંપર્ક કરો. 9316100413

મિલ્કત વેચવાની છે

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. Mo. 9687580001

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ MO. 9687580001

**ફાર્મ હાઉસ**
વેચવાના છે.
અંબિકા નદીના કિનારે, રેડી પઝેશન, સ્વીમીંગ પુલ સાથેના
Mo.90996 54868

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા, કણજા. Mo. 9687580001

**પ્લોટ વેચવાનો છે**
113 વાર સારી સોસાયટી ન્યૂ સિટીલાઈટ ૯૮૨૫૧૦૯૪૦૦

**2.15 વિંઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ ટેના રાંગ સુરત. Mo. 9687580001

**હની પાર્ક રોડ**
પાસે કોર્નરનુ રો- હાઉસ વેચાણથી આપવાનુ છે. Mo. 9662140043

**અમરોલીમાં,**
એક રૂમ રસોડું ફ્લેટ વેચવાનો છે, 407- આર્શીવાદ કોમ્પ્લેક્ષ, 8690586868

**સાયણમાં**
મેઈન બજારમાં પ્લોટ વેચવાનો છે ૯૬૨૪૪૭૨૯૭૯ (330)

**વેચવાના છે.**
રો- હાઉસ ઓલપાડ-સાયણ રોડ પર (રોડ ટચ) Block No. 4 386, 387 (કોર્નર + ગાર્ડન) આરજો મારજો કરવામા આવશે. 9925055555

**વેચવાની છે**
2.5 વિઘા જમીન મોરભગવા ઓલપાડ (રોડ ટચ) આરજો મારજો કરવામા આવશે. 9925055555

**ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ**
વેચવાનો. પાંડેસરામાં 4000 સ્કે.ફિટ ઈન્ડસ્ટ્રીયલ શેડ બાંધકામ સાથે વેચવાનો. 9825131299.

**ડિંડોલીમાં**
સારા વિસ્તાર અને સારી સોસાયટીમાં 2-B.H.K ફ્લેટ વ્યાજબી ભાવમાં વેચવાનો છે, સંપર્ક: 9224174046

**વેચાવાની છે**
દુકાન (શોપ)
દુકાન નંબર B-17, B- 19, "કેનોપસ" ઘોડદોડ રોડ, સુરત.
M.:9825144143

**સુરતના હાર્દ વિસ્તારમાં**
કોમર્શિયલ હેતુ માટે બે માળના બાંધકામ સહિતની મિલ્કત વેચાણથી આપવાની છે. કતારગામ દરવાજા,ગોટાલાવાડી, સ્ટેશન રોડ સુરત. સંપર્ક. 9157569737

મિલ્કત ભાડેથી

**લાંબા લીઝ માટે જગ્યા**
ઉપલબ્ધ- વેસુ લોકેશન: શ્યામબાબા મંદિર સામે, વેસુ (પ્રાઈમ લોકેશન) સાઈઝ: ૧૦૦થી ૮૦૦૦ કાર્પેટ (દુકાન- ઓફિસ) રૂફટોપ: કાફે/ રેસ્ટોરન્ટ માટે ખાસ સ્પેસ સંપર્ક: 7433025047

**નાનપુરા**
ટીમલીયાવાડમાં ભાડેથી રોડ ટચ દુકાન આપવાની છે. મો. ૯૮૨૫૩૬૮૮૭૨ (331)

**ભાડે આપવાનો છે**
3 BHK ફ્લેટ જહાંગીરા બાદ ડી- માર્ટ ની બાજુમાં રોડ સાઈડ અગીયારમાં માળે 9227500420

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, ચારધામ, ઉત્તરાખંડ, હરિદ્વાર. તારીખ- 10/10, દિવસ- 15. દિવાળીમાં પ્રવાસો (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/11, 24/11 (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેગટોક, નેપાળ. તારીખ- 11/11, દિવસ- 19, દિવસ- 12, (3) બનારસ, અયોધ્યા, મનોકામના, નેપાળ, ગયાજી, તારીખ- 11/11, દિવસ- 12 (4) ભૂતાન. તારીખ- 10/12, 05/01, દિવસ-8. (5) રોયલ કાશ્મીર, વૈષ્ણોદેવી. તારીખ-15/01, 16/02. દિવસ- 11.- દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**માઁ ખોડિયાર જ્યોતિષ**
પંડિત વિનોદ કુમાર શર્મા (દુર્ગા ઉપાસક)
Come & Consult Your All Problems Solution
રડવાથી નહીં મળવા થી દુઃખ દુર થશે કોઈ પણ સમસ્યા મુડ થી ખતમ
જેવી રીતે હસ્ત-રેખા, મસ્તક રેખા, જન્મ પત્રીકા અને ફોટો જોઈ ને જીવનનું બધુજ હાલ બતાવી શકાય છે. પ્રેમ પ્યાર, લગ્ન માં વિલંબ, સોતન દુશ્મન થી છૂટકારો, ગૃહ કલેશ કરવું કરાવવું, નૌકરી અને વ્યાપાર રૂકાવટ, અભ્યાસ માં નાપાસ-પાસ, પતિ પત્નિ માં અનબન, કર્જ માંથી મુક્તિ, કઠિન માં કઠિન સમસ્યાઓનું સમાધાન સરળ અને સસ્તા ઉપાય માટે મળો.
સમસ્યા છે તો સમાધાન પણ છે પરમાત્મા પર વિશ્વાસ છે. તો એક વાર અવશ્ય મળો.
બહેનો માટે ખાસ કામ, વાત / મુલાકાત ખાનગી
બંગલા નં A-28, બાલાજી કૃપા સોસાયટી, ગેટ નં-૧, પાલનપુર-જકાતનાકા રોડ, સુરત.
Mo.: 77779 22183

**ચંપારણ**
જગન્નાથપુરી કલકત્તા ગંગાસાગર રેલ્વે ટુર હોય અગાઉ બુક કરાવો સુરેશભાઈ મજીઠીયા 8849717180

નોકરી વિષયક

**જોઈએ છે**
તાત્કાલિક ઈલેક્ટ્રિકલ્સ AC મોટર રીવાઈન્ડર 1 Hp- 30 Hp- સન ઈલેક્ટ્રિકલ્સ એન્જિનિયરિંગ, પાંડેસરા જી. આઈ. ડી. સી., ગોડાઉન નં 5, બેંક ઓફ બરોડા પાસે- સુરત મો.- 9898561322

**ડ્રાઈવર જોઈએ છે**
ઉબેર, ઓલા, રેપિડો માટે નવી ગાડી આર્ટીગા. ફીક્સ પગાર + કમિશન. 9825069090

**જોઈએ છે**
સેલ્સમેન/ સેલ્સગર્લ. ઉજ્જવળ કારકિર્દીની માટે બેસ્ટ ઓપોરચ્યુનિટી, બાયોડેટા અને ફોટા સાથે આજે જ એપ્લાય કરો. ખુશાલભાઈ જ્વેલર્સ સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લેપોઈન્ટ, સુરત. Mo. 8160859341 (332)

**ચૌટા બજારમાં**
દુકાનના પરચુરણ કામ માટે માણસની જરૂર છે, ઉંમર 25થી 35 વર્ષ, 9033911038

**જગ્યા ભાડે આપવાની છે**
નાનપુરા વિસ્તારમાં પહેલા માળે 1000 Sqft., પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય.
સંપર્ક : 9898041152 8866360199

મિલ્કત ભાડે -વેચાણ

**પ્લોટ- શેડ**
ભાડે/ વેચાણ આપવાનો છે, વોટરજેટ-એરજેટ અને ટેક્સ્ટાઈલ લાયક, Cetp સુવિધા સાથે તૈયાર પ્લોટ,શેડ, લોકેશન: ભાટિયા ટોલ પાસે અને ગલુડા એક્સપ્રેસ-વે, પલસાણા, 9213661311

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.